# શ્રી ગોઝારિયા કેળવણી મંડળ

## ગોઝારિયા, તા.જિ. મહેસાણા

રજી.નં. ઈ-૪૬૯ મહેસાણા તા. ૧૧-૨-૧૯૫૩

## શ્રી જોઈતારામ સોમદાસ મોહનદાસ પટેલ એજ્યુકેશન કેમ્પસ

- શ્રીમતી અમથીબેન શંકરલાલ જીજીદાસ પટેલ બાલમંદિર (સ્વનિર્ભર)
- ગં.સ્વ. મંગુબેન જેસીંગદાસ શાહ બાલમંદિર (સ્વનિર્ભર)
- શ્રીમતી જમનાબેન કાનજીભાઈ પટેલ પ્રાથમિક શાળા (સ્વનિર્ભર)
- શ્રી સોમાભાઈ ડોસલદાસ પટેલ ઉચ્ચ. પ્રાથમિક શાળા (ગ્રાન્ટેડ)
- શ્રી ખોડાભાઈ કાળીદાસ પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ (ગ્રાન્ટેડ)
- શ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ અને ગણેશભાઈ કચરાભાઈ પટેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાનગી (સ્વનિર્ભર)
- શેઠશ્રી રમણલાલ વૈજનાથ રાવલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ગ્રાન્ટેડ)
- શ્રી શંકરલાલ જીજીદાસ પટેલ બાલમંદદિર (સ્વનિર્ભર)
- શ્રીમતી અમથીબેન શંકરલાલ જીજીદાસ પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ (ગ્રાન્ટેડ)
- શ્રી ગૌરવકુમાર જયંતિભાઈ પટેલ પ્રિ-પ્રાયમરી ઈંગ્લીસ મિડિયમ સ્કૂલ (સ્વનિર્ભર)
- નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ (ગ્રાન્ટેડ)
- શ્રીમતી ગીતાબેન જયંતિભાઈ પટેલ પ્રાયમરી ઈંગ્લીસ મિડિયમ સ્કૂલ (સ્વનિર્ભર)
- શ્રી જયંતિભાઈ ડાહ્યાભાઈ પટેલ ઉચ્ચ. પ્રાથ.શાળા ઈંગ્લિશ મિડિયમ (સ્વનિર્ભર)
- શ્રીમતી મધુબેન ખોડાભાઈ પટેલ હાઈસ્કૂલ (ગ્રાન્ટેડ)

## વાર્ષિક અહેવાલ વર્ષ ૮૫

તા. ૧-૪-૨૦૨૧ થી તા. ૩૧-૩-૨૦૨૨

- આ સંસ્થામાં મળેલ દાન ૮૦G(5) મુજબ ઈન્કમટેક્ષ માફીને પાત્ર છે.
- આ રિપોર્ટ સાધારણ સભાએ મંજૂર કરેલ છે.

## શ્રી ગોઝારિયા કેળવણી મંડળ, ગોઝારિયા સંચાલિત
## નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયા ચોવીસમો વાર્ષિક અહેવાલ : ૨૦૨૧-૨૨

ભારત દેશને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં આગળ વધારવા માટે મહિલાઓનું યોગદાન સવિશેષ મહત્વનું મનાયું છે. આ ત્યારે જ સંભવી શકે જ્યારે ભારતની મહિલાઓ શિક્ષિત હોય. શિક્ષણ એ પ્રગતિ માટે શુભ સંકેત છે. ગ્રામીણ સંસ્કૃતિમાં મહિલાઓના ઔપચારિક શિક્ષણના બદલે સાંસારિક શિક્ષણને વધુ મહત્વ આપવામાં આવે છે. જેથી શહેરી વિસ્તારની મહિલાઓની તુલનામાં ગ્રામીણ મહિલાઓ ઉચ્ચ શિક્ષણ બાબતે વધુ પાછળ જણાય છે. કારણ કે ગ્રામીણ સમાજની જૂની વિચારસરણી, નજીકમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનો અભાવ, તેમજ પુત્રીઓ પ્રતિ સમાજ અને ઘરનું નકારાત્મક વાતાવરણ આવી સ્થિતિમાં અધૂરો અભ્યાસ છોડી દેતી ગોઝારિયા પંથકની દીકરીઓ માટે ગોઝારિયા કેળવણી મંડળે વર્ષો પહેલાં નીમા ગર્લ્સ આર્ટસ કોલેજની સ્થાપના કરીને ગોઝારિયા પંથકની દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપીને પગભર બનાવવાના શૈક્ષણિક યજ્ઞનો આરંભ કર્યો હતો ચાલુ વર્ષે પણ ગોઝારિયાની આજુબાજુના ચાલીસથી વધારે ગામની દીકરીઓ આ કોલેજમાં અભ્યાસ કરી રહી છે. આવી કોલેજનો વર્ષ ૨૦૨૧-૨૦૨૨નો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં હર્ષની લાગણી અનુભવું છું.

*** કોલેજની વિદ્યાર્થિનીઓની સંખ્યા (વર્ષ - ૨૦૨૧-૨૨)**

| વર્ગ | સામાન્ય | બક્ષીપંચ | અનુ.જાતિ | અનુ. જનજાતિ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| સેમ-૧ (એફ.વાય) | ૩૧ | ૧૦૫ | ૧૦ | ૦૧ | ૧૪૭ |
| સેમ-૩ (એસ.વાય) | ૧૪ | ૬૪ | ૦૩ | ૦૩ | ૮૪ |
| સેમ-૫ (ટી.વાય) | ૩૭ | ૭૪ | ૧૧ | -- | ૧૨૨ |
| કુલ સંખ્યા | ૮૨ | ૨૪૩ | ૨૪ | ૦૪ | ૩૫૩ |

અમારી કૉલેજમાં સ્થાપના કાળથી જ મુખ્ય વિષય તરીકે ગુજરાતી, સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજી તેમજ ગૌણ વિષયોમાં ગુજરાતી, સંસ્કૃત , હિન્દી, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર વિષયો ભણાવાય છે. આ ઉપરાંત કોમ્પિટિટિવ એકઝામ્સ અને સામાજિક રીતે ઉપયોગી બની રહે તેવા ઈલેક્ટિવજેનરીક (વૈકલ્પિક) વિષયોમાં ભારતનું બંધારણ (સેમ-૧), ભારતની ભૂગોળ (સેમ-૨), ડીઝાસ્ટર મેનેજમેન્ટ (સેમ-૩), ગુજરાતનો સાંસ્કૃતિ વારસો (સેમ-૪), ભારતનો ઈતિહાસ (સેમ-૫) અને ભારતની આદિવાસી સંસ્કૃતિ (સેમ-૬) જેવા વિષયો અભ્યાસક્રમમાં રાખવામાં આવ્યા છે.

*** સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ : પ્રવેશોત્સવ**

સેમ-૧ વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થિનીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નવીન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થિનીઓને કોલેજમાં ચાલતા વિવિધ વિષયો અને પ્રવૃત્તિઓ જેવી કે એન.એસ.એસ. સપ્તધારા, ઉદીશા, ફિનીશીંગ સ્કૂલ, આંતરિક પરીક્ષાઓ વિશે માહિતી સંબંધિત જે તે અધ્યાપક મિત્રો દ્વારા આપવામાં આવી હતી, આચાર્યશ્રી ગાયત્રીબેન સી. બારોટે વિદ્યાર્થિનીઓને સફળ જીવન, કારકિર્દી માટે આશીર્વચન પાઠવ્યા.

* **હાર્ટફૂલનેસ અવેરનેસ કાર્યક્રમ :-**

તા. ૫-૩-૨૦૨૨, શનિવાર ના રોજ સાંજે (૫ થી ૬-૩૦) નીમા કોલેજના સભાખંડમાં 'હાર્ટફૂલનેસ' અવેરનેસ કાર્યક્રમ યોજાયો. મંડળના ટ્રસ્ટીગણ શ્રી જે. એન. પટેલ સાહેબ, શ્રી પ્રકાશભાઈ પટેલ અને શ્રી ભોગીભાઈ પટેલના વડપણમાં આ કાર્યક્રમ મૂર્તિમંત થયો. હાર્ટફૂલનેસ એજ્યુકેશન ટ્રસ્ટમાંથી પધારેલ શ્રી કેજલભાઈ કંસારાએ ધ્યાન, રીલેક્ષેશન, મૂલ્ય શિક્ષણ અને શ્રીમતી અમૃતાબેન ત્રિવેદીએ 'હાર્ટફૂલનેસ કાર્યક્રમ' દ્વારા એક આદર્શ સમાજનું નિર્માણ કરી શકાય તેની વિસ્તૃત રૂપરેખા આપી હતી. આદરણીય જે. એન. પટેલ સાહેબે દસ વર્ષના સ્વ-અનુભવને આધારે ધ્યાન, યોગ અને પ્રાણાયામથી કઈ રીતે પોતાની પ્રકૃતિ અને વ્યક્તિત્વનું પરીવર્તન કરેલું તેની રસપ્રદ વાત મૂકી ઈન્દ્રિયો અને મનના સારથી તરીકે આત્માને મૂકવાની ગહન વાત સરળ રીતે કરી હતી. શ્રી જે. એન. પટેલ સાહેબ અને શ્રી પ્રકાશભાઈ પટેલે મંડળની તમામ સંસ્થાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે હાર્ટફૂલનેસ એજ્યુકેશનની તાલીમ અને શિબિરો યોજવા માટે શ્રી ગોઝારિયા કેળવણી મંડળ તરફથી જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવાની તૈયારી બતાવી હતી અને તેના માટેનું સુચારૂ આયોજન કરવાની ખાતરી આપી હતી.

* **ફિનિશીંગ સ્કૂલ પ્રકલ્પની ટ્રેનિંગ :-**

તા. ૧૩-૮-૨૦૨૧ થી તા. ૧૩-૯-૨૦૨૧ સુધી "ફીનીશીંગ સ્કૂલ પ્રકલ્પ" ની ૨૦ દિવસ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાત સરકાર, ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થિનીઓમાં કૌશલ્ય, રોજગાર અને સારા વ્યક્તિત્વનો વિકાસ થાય તે હેતું સાથે તાલીમ અપાઈ. આ તાલીમ વિદ્યાર્થિનીઓને સોફ્ટસ્કીલ અને સ્પોકન ઈંગ્લિશમાં સજ્જ માટે કુલ ૮૦ કલાકના સમયની આ તાલીમ કુશળ અને ખ્યાતિ ધરાવતાં બે એમ્પેનલ ટેનર્સ ડૉ. હિતેશભાઈ પટેલ અને ડૉ. વિશાલભાઈ પટેલ દ્વારા આપવામાં આવી. આ તાલીમ દ્વારા કોલેજની ૫૮ વિદ્યાર્થિનીઓ રોજગારલક્ષી અને સ્માર્ટ બની. આ ટ્રેનિંગનું આયોજન "ફીનીશીંગ સ્કૂલ પ્રકલ્પ" ના સંયોજક ડૉ. ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને સહ સંયોજક ડૉ. સોમાભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું, જે કૉલેજના વડા ડૉ. ગાયત્રીબેન બારોટના માર્ગદર્શન હેઠળ કરાયું.

* **કારકિર્દી માર્ગદર્શન સેમીનાર :-**

તા. ૭-૯-૨૦૨૧ના રોજ રોજગાર કચેરી મહેસાણાના શિવાંગીબેન પોટા, એ. આર. મલેક સાહેબ દ્વારા નોકરી વાંચ્છુઓ માટે "અનુબંધમ" નામક પોર્ટલની માહિતી આપવામાં આવી. તેમાં રજિસ્ટ્રેશન કરવાની પ્રક્રિયા સમજાવવામાં આવી. જેના દ્વારા સમગ્ર ગુજરાતમાં સ્થાપિત કંપનીઓમાં રોજગારની તકોની માહિતી ૫૮ વિદ્યાર્થિની બહેનોને આપવામાં આવી. કેમ્પસ ડાયરેક્ટર શ્રી નીરૂભાઈએ વિદ્યાર્થિની બહેનોને કારકિદી માટે સમર્થ બનવા માટે આશીર્વચન પાઠવ્યા.

✻ **રાષ્ટ્રીય સેવા યોજના :-**

ચાલુ વર્ષે કોલેજના એન.એસ.એસ. દ્વારા તા. ૫-૬-૨૦૨૧ના રોજ કોલેજના મેદાનમાં પ્રતિકાત્મક વૃક્ષારોપણ કાર્યક્રમ, તા. ૨-૬-૨૦૨૧ના રોજ જરૂરિયાત મંદ લોકોને ચોખા, દાળ અને લોટનું વિતરણ, તા. ૨૦-૪-૨૦૨૨ના રોજ જીવદયા ટ્રસ્ટના સહયોગથી કરૂણા અભિયાન, તા. ૨૧-૬-૨૦૨૧ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી, તા. ૨૫-૬-૨૦૨૧ના રોજ ‘ પ્લાસ્ટિક મુક્ત અભિયાન’ તા. ૧-૭-૨૦૨૧ અને તા. ૨-૭-૨૦૨૧ના રોજ ‘ રસી લઈ શું અને ગામવાસીઓને રસી લેવા સમજાવીશું’ કોરોના રસીકરણ પ્રતિકાત્મક રેલી જેવા કાર્યક્રમોની સાથે નીચે મુજબના કાર્યો કરવામાં આવ્યા.

✻ **પોસ્ટર મેકિંગ અને ચિત્ર સ્પર્ધા :-**

તા. ૧૨-૮-૨૦૨૧ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા ‘ આઝાદી કા અમૃત મહોત્સવ ’ અંતર્ગત પોસ્ટર મેકિંગ અને ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી. જેમાં એન.એસ.એસ.ની સ્વયં સેવિકાઓ દ્વારા દેશની આઝાદીમાં મહત્વપૂર્ણ ફાળો આપનાર મહાનુભાવોના પોસ્ટરો અને આઝાદીને લગતા ચિત્રો દોરવામાં આવ્યા. નિર્ણાયક તરીકેની ભૂમિકા નિભાવતા ડૉ. વિમળાબેન ચૌહાણ અને ડૉ. નટવરભાઈ દસલાણિયા દ્વારા પોસ્ટર મેકિંગમાં પ્રથમ નંબરે ચાવડા ભારતીબેન અરવિંદજી, બીજા નંબરે ચાવડા સીમાબેન નટવરસિંહ અને ત્રીજા નંબરે ચાવડા રંજનકુંવર નટવરસિંહ અને ઠાકોર જાગૃતિબેન હીરાજીએ પ્રાપ્ત કરેલ. જ્યારે ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબરે દવે રંજનબેન ભરતભાઈ, બીજા નંબરે પટેલ નિધી શૈલેષભાઈ અને ત્રીજા નંબરે પટેલ કલગી જયેશભાઈ પ્રાપ્ત કરેલ. પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને અધ્યા.ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા દ્વારા પુસ્તકો આપવામાં આવ્યા.

✻ **‘ સ્વચ્છતા પખવાડા’ અંતર્ગત સ્વચ્છતા રેલી, રાષ્ટ્રગાન પ્રોગ્રામ, વડવાવો, કપડા વિતરણ તથા ચોપડા વિતરણ**

તા. ૧૩-૮-૨૦૨૧ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા ‘ આઝાદી કા અમૃત મહોત્સવ ’ અને ‘ સ્વચ્છતા પખવાડા’ અંતર્ગત સ્વચ્છતા રેલી, રાષ્ટ્રગાન પ્રોગ્રામ, વડવાવો, કપડા વિતરણ, ચોપડા વિતરણની સાથે સાથે સ્મશાનભૂમિમાં અને તેની આસપાસના વિસ્તારમાં સફાઈનો કાર્યક્રમ યોજાયો. ડૉ. વિમળાબેન ચૌહાણ અને ડૉ. તુષારભાઈ પંડ્યા દ્વારા ‘ સ્વચ્છતા રેલી’ ને પ્રસ્થાન કરાવવામાં આવ્યું. ગામ પંચાયતના હોલમાં અધ્યા.ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ ‘ આઝાદીના ઈતિહાસમાં ’ સ્વાતંત્ર સેનાનીઓનો ફાળો તથા રાષ્ટ્રીય ગાન કરવા ગામ વાસીઓને આહ્‌વાન કરવામાં આવ્યું. જ્યારે શ્રી રજનીભાઈ પટેલે ‘ચાલો એક દિવસ પ્રકૃતિને સમર્પિત કરીએ’ માં ભારતનું પર્યાવરણ બચાવવા અને નદી, તળાવ-સરોવરને પુનઃ જીવિત કરવા માટે અને પશુ-પક્ષીઓના રહેઠાણ માટે

જરૂરી વૃક્ષનું મહત્વ સમજાવ્યું. કોલેજના આચાર્યશ્રી ગાયત્રીબેન બારોટે જણાવ્યું કે સરકારે જાહેર કરેલ રાષ્ટ્રગાન કાર્યક્રમમાં ભાગ લઈએ અને પ્રજાજનોને રાષ્ટ્રગાનમાં ભાગ લેવા પ્રેરિત કરીએ. સરપંચશ્રી પરેશભાઈ પટેલના સહયોગથી વડ, પીપળ જેવા દેશી કુળના વૃક્ષો વાવવાનું કામ પ્રારંભવામાં આવ્યું. એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ટ્રસ્ટના સહયોગથી સ્મશાન ભૂમિની આસપાસ વડ વાવવામાં આવ્યા. આ કાર્યક્રમમાં જોડાયેલ બહેનોને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું. ગ્રામપંચાયત ખાતે સમૂહમાં રાષ્ટ્રગાન કરવામાં આવ્યું.

* **બદલપુરા, દત્તક ગામ ધાંધુસણ અને પઢારિયા ગામે બે દિવસ કેમ્પનું આયોજન :-**

તા. ૧૩-૦૮-૨૦૨૧ અને તા. ૧૪-૦૮-૨૦૨૧ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ અને એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, શેરથા દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અને 'સ્વચ્છતા પખવાડા' નિમિત્તે બદલપુરા, દત્તક ગામ ધાંધુસણ અને પઢારિયા ગામે બે દિવસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જે અંતર્ગત સ્વચ્છતા રેલી, રાષ્ટ્રગાન પ્રોગ્રામ, વડવાવો, કપડા વિતરણ અને ચોપડા વિતરણની સાથે સાથે ગામની પ્રાથમિક શાળાની આસપાસના વિસ્તારમાં સફાઈનો કાર્યક્રમ યોજાયો. સરપંચશ્રીઓના સહયોગથી વડ, પીપળ જેવા દેશી કુળના વૃક્ષો વાવવાનું કામ પ્રારંભવામાં આવ્યું. એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ટ્રસ્ટના સહયોગથી તથા સરપંચશ્રીના માર્ગદર્શન પ્રમાણે વડ વાવવામાં આવ્યા. તેમજ દરેક ગામની શાળાના વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું. સાથે સાથે ગામના જરૂરિયાત મંદ લોકોને કપડાનું વિતરણ કરવામાં આવ્યું. દરેક ગામમાં સમૂહમાં રાષ્ટ્રગાન કરવામાં આવ્યું. તારીખ ૧૩-૮-૨૦૨૧ ના રોજ બદલપુરા ગામના સરપંચશ્રીના નિવાસસ્થાને મળેલ રાત્રી બેઠક દરમ્યાન ડૉ. તુષારભાઈ પંડ્યા અને નરેન્દ્ર પ્રજાપતિ દ્વારા બદલપુરા ગામની દીકરીઓ કે જે આખજ અને લાંઘણજ હાઈસ્કૂલમાં ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરી રહેલ છે તેઓને ગોઝારિયા કોલેજમાં પ્રવેશ મેળવવાની ટહેલ નાંખવામાં આવી. રાષ્ટ્રીય સેવા યોજના એકમની કોલેજ. પ્રવૃત્તિઓથી પ્રત્યક્ષ માહિતગાર થયેલા સરપંચશ્રીએ આ બાબતે ઘટતું કરવાની હૈયાધારણા આપી હતી.

* **૭૫ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી :-**

રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા આજરોજ ૭૫ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ગોઝારિયા હાઈસ્કૂલના પટાંગણમાં કરવામાં આવી. ધ્વજ વંદનની સાથે સાથે કોલેજની વિદ્યાર્થિનીઓએ દેશભક્તિ ગીત રજુ કર્યું. ફિનિશીંગ સ્કૂલમાં જોડાયેલ બહેનો દ્વારા કૉલેજના હોલમાં રાષ્ટ્રગાન કરવામાં આવ્યું.

* **સરદાર જયંતિની ઉજવણી :-**

તા. ૩૦-૧૦-૨૦૨૧ના રોજ નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયાના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ

દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સરદાર જયંતિ નિમિત્તે વ્યાખ્યાન અને રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા. આજના આ કાર્યક્રમમાં કેમ્પસ ડાયરેક્ટર શ્રી નીરૂભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થિનીઓએ પોતાના ગામમાં જઈને રાષ્ટ્રીય એકતાની ભાવના ઉભી કરવાનો સંકલ્પ કર્યો હતો.

*** 'જરૂરિયાત મંદોને ટેકો' : માનવતા તરફ એક પગલું :-**

તારીખ ૧૧-૦૩-૨૦૨૨ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના એન્ડ લાયબ્રેરી અને અંગ્રેજી વિભાગના સંયુક્ત ઉપક્રમે જરૂરિયાત મંદોને ટેકો ' માનવતા તરફ એક પગલુ' નો કાર્યક્રમ યોજાયો. જેમાં શ્રી પ્રભુ આશ્રમના મહંતશ્રી રણછોડ બાપાએ ઉપસ્થિત રહીને સૌને આશીર્વાદ આપ્યા અને જરૂરિયાત વાળા વૃધ્ધોને વૃધ્ધાશ્રમમાં પધારવા વિનંતી કરી હતી. ગોઝારિયા કેળવણી કેળવણી મંડળના શ્રી જે.એન.પટેલ સાહેબે કોલેજના યુનિટ દ્વારા આવી સેવાકીય પ્રવૃત્તિઓ થતી જ રહે અને સહિતો રહિતોને સેવાકીય પ્રવૃત્તિનો લાભ આપે-અપાવે. ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું કે અમારા પ્રયત્ન આવી સેવાકીય પ્રવૃત્તિઓ થકી ગામડાઓનાં નાનામાં નાના માણસ સુધી પહોંચાડવાનો રહેશે. આજે ૫૫ જરૂરિયાત મંદોને પ્રસાદી આપી શક્યાં. હવે અમારો પ્રયત્ન વધુમાં વધુ લોકોને આપી શકીએ એવો રહેશે. શ્રી રાજુભાઈ પટેલના હસ્તે (ધર્મરાજા પરિવારના સદસ્ય) હસ્તે જરૂરિયાત કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

*** ખાસ વાર્ષિક શિબિર :-**

રાષ્ટ્રીય સેવા યોજના એકમની ખાસ વાર્ષિક શિબિર પડોશી ગામ વસઈ ખાતે તારીખ ૦૭-૦૨-૨૦૨૨ શરૂ થઈ તારીખ ૧૩-૦૨-૨૦૨૨ના રોજ સમાપ્ત થયેલી. જેમાં ૭૫ શિબિરાર્થી બેનો જોડાયેલ. સ્વયં સેવિકાઓએ ગામમાં લોક જાગૃતિ ફેલાવવાનું કાર્ય કર્યું હતું. તારીખ ૦૮-૦૨-૨૦૨૨ના રોજ જય પ્રભુ આશ્રમ ' વૃધ્ધાશ્રમ ' મોતીપુરા (ટીં.) ની મુલાકાત લેવામાં આવી. સાથે સાથે આઝાદી કા અમૃત મહોત્સવ પર યુવા સંકલ શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ અંતર્ગત ટીંટોદણ (મોતીપુરા) હાઈસ્કૂલની મુલાકાતની સાથે સાથે મોતીપુરા ગામમાં લોકસંપર્ક અને લોકજાગૃતિ ફેલાવવામાં આવી. તારીખ ૯-૨-૨૦૨૨ના રોજ જળ સંરક્ષણ તેમજ જળસંચય માટે અર્બુદાનગર (મેઉ) પ્રાથમિક શાળાની મુલાકાત લેવામાં આવી. શાળાની અંદર કરવામાં આવતો વરસાદી પાણીના સંગ્રહની રીત અને વરસાદી પાણી દ્વારા કરવામાં આવતી જાપાની પ્રોજેક્ટ હેઠળની 'મીયાવાંકી' પધ્ધતિ પ્રમાણેની ખેતી વિષયક જ્ઞાન સ્વયં સેવિકાઓને આપવામાં આવ્યું. તારીખ ૧૦-૦૨-૨૦૨૨ના રોજ ખોરાક અને ઔષધમાં થતી ભેળસેળ વિશે ડૉ. સોમાભાઈ પટેલનું વ્યાખ્યાન યોજાયું. સાથે સાથે જાગૃત ગ્રાહક સશક્ત ગ્રાહક સંકલ્પ સાથે વસાઈ ગામે રેલી કાઢી અને ગ્રાહક જાગૃતિનાં ચોપાનિયાં વહેંચવામાં આવ્યાં. તારીખ ૧૧-૦૨-૨૦૨૨ના રોજ મહિલા કલ્યાણ કેન્દ્ર ગોઝારિયા

દ્વારા મહિલાઓને મળતી વિવિધ પ્રકારની સરકારી યોજનાઓની માહિતી આપી હતી. અનુપમ પ્રાથમિક શાળાના બાળકોને સ્વયં સેવિકા દ્વારા વિવિધ પ્રકારની રમતો, પ્રવૃત્તિઓ કરાવી. તારીખ ૧૨-૦૨-૨૦૨૨ના રોજ લાકડા ઉદ્યોગ અને વિવિધ સ્થળોની મુલાકાત લેવામાં આવી. શેઠ જી. એસ.હાઈસ્કૂલ, વસાઈની મુલાકાત પણ લેવામાં આવી. તેમજ વાર્ષિક શિબિરનો સમાપન સમારંભ શેઠ જી. એસ. હાઈસ્કૂલના હોલમાં યોજવામાં આવ્યો. તારીખ ૧૩-૦૨-૨૦૨૨ના રોજ ખાસ વાર્ષિક શિબિરની વિદાયમાં શ્રી પચ્ચીસ ગામ કડવા પાટીદાર સમાજ સુધારક મંડળ, વિહારની મુલાકાત લેવામાં આવી.

* **સૂર્ય નમસ્કાર :-**

ભારત સરકાર તેમજ ગુજરાત સરકારના જણાવ્યાનુસાર આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે ૭૫ કરોડ સૂર્ય નમસ્કાર કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું જે અંતર્ગત તા. ૩૦-૦૧-૨૦૨૨ના રોજ ઘરે સૂર્ય નમસ્કાર કરવાનું આહ્વાન કરવામાં આવ્યું હતું. તા. ૩૧-૦૧-૨૦૨૨ થી ૦૭-૦૨-૨૦૨૨ સુધી દરરોજ સવારે ૭-૪૫ થી ૮-૦૦ સુધી સૂર્ય નમસ્કાર કરાવવામાં આવ્યા.

* **રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી :-**

તા. ૨૫-૦૧-૨૦૨૨ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી. અધ્યા. ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા, ડૉ. તરૂણ રાવલ અને આચાર્યશ્રી ડૉ. ગાયત્રીબેન બારોટ દ્વારા ભારતીય બંધારણના આર્ટિકલ અને અનુચ્છેદ, અધિકારો, ફરજો અને ચૂંટણી પ્રક્રિયા સંબંધિત માહિતી આપી. શ્રી નરેન્દ્રભાઈ પ્રજાપતિએ કાર્યક્રમના સંચાલનની સાથે સાથે સ્વયંસેવિકાઓને નિર્ભય તથા નિષ્પક્ષ મતદાન માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી. સ્વયંસેવિકાઓએ પણ પોતાના ગામમાં જઈને જાગૃતિ લાવવા માટેનો પ્રતિભાવ આપ્યો હતો.

* **રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી :-**

તા. ૨૪-૦૧-૨૦૨૨ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય બાલિકા દિવસે ચિત્ર સ્પર્ધા અને વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. અધ્યા.ડૉ. તુષાર પંડ્યા, અધ્યા.ડૉ.રાજેન્દ્રસિંહ વાઘેલા, ડૉ. તરૂણ રાવલ અને આચાર્યશ્રી ડૉ. ગાયત્રીબેન બારોટ દ્વારા ભારતીય સંસ્કૃતિમાં નારી સન્માન, સંરક્ષણ અને સરકારની મહિલા વિષયક વિવિધ પ્રકારની યોજનાઓની માહિતી આપી. કાર્યક્રમના સંચાલનની સાથે સાથે સખી વન સ્ટોપની માહિતી શ્રી નરેન્દ્રભાઈ પ્રજાપતિએ આપી હતી. સ્વયં સેવિકાઓએ પણ પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

**✻ સુભાષ બાબુની જન્મ જયંતિ :-**

સુભાષ બાબુની જન્મ જયંતિ નિમિત્તે તા. ૨૨-૦૧-૨૦૨૨ના રોજ નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયાના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ અને અંગ્રેજી વિભાગ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે " નિબંધ સ્પર્ધા અને વ્યાખ્યાન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. અધ્યા.ડૉ. તુષાર પંડ્યાએ "સુભાષચંદ્ર બોઝની જીવન ઝરમર" અને અધ્યા.ડૉ.રાજેન્દ્રસિંહ વાઘેલાએ "સુભાષચંદ્ર બોઝ યુવાનોની નજરે" વિશે રજૂઆત કરી સાથે સાથે બતાવેલી ફિલ્મ 'ગુમનામી' વિશે પણ ડૉ. તુષારભાઈ પંડ્યા અને ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ મહત્વની ચર્ચા કરી હતી.

**✻ "મોટીવેશન ફિલ્મ ફેસ્ટિવલ" કાર્યક્રમ :-**

સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિત્તે તા. ૧૧-૦૧-૨૦૨૨ અને તા. ૧૨-૦૧-૨૦૨૨ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ અને લાયબ્રેરી વિભાગ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે " મોટીવેશન ફિલ્મ ફેસ્ટિવલ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. શ્રી ગોઝારિયા કેળવણી મંડળના કારોબારી સદસ્ય શ્રી જે. એન.પટેલ સાહેબે કોલેજની ગરીબ વિદ્યાર્થિનીઓને કામકાજની સાથે ઉચ્ચતર અભ્યાસ પૂર્ણ કરવા અને મહેનત કરવા જણાવ્યું. આચાર્યશ્રી ગાયત્રીબેન બારોટે " સ્વામી વિવેકાનંદ અને વેદાંત" અધ્યા.ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ " સ્વામી વિવેકાનંદની નજરે યુવા નેતૃત્વ" શ્રી ઉમેશભાઈ શ્રી વાસ્તવે " માનવ સંવેદના " શ્રી ક્રિષ્નાબેન ઠાકરે " ડરો નહીં ડરાવો નહીં." અને ડૉ. તુષારભાઈ પંડ્યા અને ડૉ. તરૂણભાઈ રાવલે પણ સ્વામી વિવેકાનંદના જીવન વિષયક મહત્વની ચર્ચા કરી હતી. ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન 'આઈ એમ કલામ' અને 'બોમ્બે' જેવી વિચારાત્મક ફિલ્મો બતાવવામાં આવી. સાથે સાથે આ ફિલ્મોનું કથા દર્શીલ વિવેચન પણ કરવામાં આવ્યું.

**✻ ૭૩મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી :-**

એન.એસ.એસ. વિભાગ દ્વારા ૭૩મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીના આયોજનમાં કોવિડ-૧૯ ની તમામ શરતોનું પાલન કરી વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. પધારેલા મુખ્ય મહેમાનશ્રી પંકજભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં રાષ્ટ્રજોગ સંદેશો આપી વિદ્યાર્થીઓમાં દેશપ્રેમની ભાવના પ્રગટાવી હતી. કોલેજના એન.એસ.એસ. વિભાગની સ્વયંસેવિકાઓએ ગામડામાં આગળ વધી રહેલ કોરોનાવાયરસને અટકાવવા માટેના ઉપાયો અને ઉપચારની માર્ગદર્શિકાનું પોતાના ગામમાં વિતરણ કરશે અને લોક જાગૃતિ ફેલાવવાના અભિયાન સાથે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરી હતી.

**✻ પારલેજીના પેકેટ્સનું વિતરણ :-**

તારીખ ૧૮-૮-૨૦૨૧ના રોજ એન.એસ.એસ. યુનિટ દ્વારા દાતાશ્રી (સુરેશભાઈ બી. પટેલ) તરફથી પ્રાપ્ત થયેલ પારલેજીના ૧૮૦ પેકેટ્સ કૃપોષિત બાળકોને વહેંચવામાં આવ્યા. આવા સેવાભાવી કાર્યો માટે કોલેજના આચાર્યશ્રીનો તેમજ અધ્યાપકશ્રીઓનો સાથ સહકાર મળતો રહ્યો છે. આવા કામ આપણે સૌ સાથે મળીને કરતા જ રહીએ એવી અભિલાષા.

* **સરદાર જયંતિ :-**

તા. ૨૯-૧૦-૨૦૨૧ના રોજ સરદાર જયંતિ નિમિત્તે સંવેદનાનો સેતુ કાર્યક્રમ અંતર્ગત શ્રી રામ ફાઉન્ડેશન સંચાલિત વૃદ્ધાશ્રમમાં જરૂરિયાતમંદ વૃદ્ધોને કપડાં વિતરણ કરવામાં આવ્યું. તેમજ અન્ય જરૂરિયાત મંદોને કપડાનું વિતરણ કરવામાં આવ્યું. આ કપડાં યજ્ઞ સતત સાતત્યપૂર્વક એન.એસ.એસ. યુનિટ કરતું રહેશે. આપ સૌનો સાથ સહકાર મળ્યો છે તેવો ને તેવો કપડાં યજ્ઞ નિમિત્તે મળતો જ રહેશે એ જ અભ્યર્થના.

* **મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમ :-**

તા. ૨૭-૧૦-૨૦૨૧ના રોજ મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમમાં સેમ-૧ ની વિદ્યાર્થિનીઓને પ્રોગ્રામ ઓફિસર નરેન્દ્ર પ્રજાપતિ દ્વારા ગ્રામ પંચાયત, નગરપાલિકા અને મહાનગર પાલિકાઓમાં તમદાર નોંધણી પ્રક્રિયાની અને ઓનલાઈન મતદાર નોંધણી અરજી અંગેની સમજ આપવામાં આવી. કોલેજના આચાર્યશ્રી ગાયત્રીબેન બારોટ દ્વારા આપણા મતનું મૂલ્ય જરાય ઓછું ન આંકીએ વિશે વાત કરી જ્યારે ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ જાગૃત મતદાર તરીકેની પ્રતિજ્ઞા લેવડાવી અને ડૉ. તુષારભાઈ પંડ્યાએ મતદાન જાગૃતિ અંગેનો સૂત્રોચ્ચાર વિદ્યાર્થિનીઓ પાસે કરાવ્યો.

* **NSS Day ની ઉજવણી :-**

તા. ૨૪-૦૯-૨૦૨૧ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા NSS દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમના અધ્યક્ષ અને કોલેજના આચાર્યશ્રી ડૉ. ગાયત્રીબેન બારોટે NSS દિવસની ઉજવણીનો હેતુ અને તેના લક્ષ્યાંકો વિશે તેમજ ડૉ. તુષારભાઈ પંડ્યાએ PPT દ્વારા NSS ના ઈતિહાસથી માંડીને શિક્ષણ, સેવા અને સામુદાયિક ભાવના થકી મહત્વના કાર્યો વિશે માહિતી આપી. પ્રોગ્રામ ઓફિસર નરેન્દ્રભાઈ પ્રજાપતિએ NSS ની સ્વયં સેવિકાઓએ વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ કરવાની માહિતી આપી.

* **" અંગદાન જાગૃતિ " અભિયાન**

તા. ૧૮-૦૯-૨૦૨૧ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા આપણા વડાપ્રધાન મા.શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિન નિમિત્તે તારીખ ૧૭-૦૯-૨૦૨૧ના રોજ "અંગદાન જાગૃતિ" અભિયાન અંતર્ગત વ્યાખ્યાન અને પ્રતિજ્ઞા વાંચન કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું. જેમાં આશરે ૧૧૩ વિદ્યાર્થિનીઓએ અંગદાનની શપથ લીધી.

* **સ્વચ્છતા અને પ્રકૃતિ સંવર્ધન કાર્યક્રમ :-**

તા. ૨૨-૧૨-૨૦૨૧ના રોજ સ્વચ્છતા અને પ્રકૃતિ સંવર્ધન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના આરંભે CDS શહીદ બિપિન રાવત અને શહીદ સૈન્ય અધિકારી ટીમને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. કોલેજના આચાર્યશ્રી ગાયત્રીબેન બારોટે આવી રહેલી કોરોનાની ત્રીજી લહેરમાં

વિદ્યાર્થિનીઓને પોતાના આરોગ્ય અને સ્વચ્છતા પર ભાર મૂકવા જણાવ્યું. અધ્યા.ડૉ.રાજેન્દ્રસિંહ વાઘેલાએ ગામ સ્વચ્છ રહે, લોકોનું આરોગ્ય અને જીવન સારૂં બને તથા સ્વચ્છ પર્યાવરણ મળી રહે તે નિર્ધાર સાથે પોત પોતાના ગામમાં જઈને સ્વચ્છતા અને પ્રકૃતિના સંવર્ધન માટે કાર્ય કરવા આહ્વાન કર્યું હતું અને ગોઝારિયા ગામમાં સ્વચ્છતા રેલી કાઢવામાં આવી અને અગાઉ વાવેલા વૃક્ષોને પાણી પાવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

* **CWDC**
**“ Women Equality Day” ની ઉજવણી :-**
તારીખ ૨૬-૦૮-૨૦૨૧ ના રોજ નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયા અંતર્ગત “ Women Equality Day” ની ઉજવણી કરવામાં આવી જેમાં પ્રા.મોહનભાઈ બી. પટેલ દ્વારા “મહિલાઓના અધિકારો” વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું તથા કોલેજના આચાર્યાશ્રી ગાયત્રીબેન બારોટે સ્ત્રી સમાનતા અંગે પોતાના વિચારો રજૂ કર્યા.

* **“મહિલા સુરક્ષા” કાર્યક્રમ :-**
તા. ૩૦-૧૧-૨૦૨૧ના રોજ જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશન દ્વારા CWDC ના ઉપક્રમે “ મહિલા સુરક્ષા ” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં લાંઘણજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ., એસ.ડી.ચાવડા સાહેબ, મહિલા સુરક્ષા અધિકારી જાગૃતિબેન ગોસ્વામી તથા WFFC C.I.D. ક્રાઈમ અધિકારી નરેશભાઈ પટેલ મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા. તેમજ ‘જાયન્ટ્સ ગોઝારિયા સહિયર’ ના પ્રમુખ ચંદ્રિકાબેન પ્રજાપતિ સેક્રેટરી નીતાબેન શર્મા જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશનના પ્રમુખ, મંત્રી તેમજ મહેશભાઈ શર્મા અને અન્ય સભ્યો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજની લગભગ ૧૦૭ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.ડો.ડી.એમ.વાઘેલા તથા આભારદર્શન કુમારભાઈ પ્રજાપતિ દ્વારા કરાવવામાં આવ્યું. કાર્યક્રમના અંતે જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશન દ્વારા કોલેજની વિદ્યાર્થિની બહેનોને બોલપેન આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

* **સ્વ-રક્ષણ તાલીમનું આયોજન :-**
CWDC ના ઉપક્રમે સ્વ-રક્ષણ તાલીમનું આયોજન તા ૧૪-૧૨-૨૦૨૧ થી ૨૧-૧૨-૨૦૨૧ સુધી કરવામાં આવ્યું. આ તાલીમ કાર્યક્રમનો ઉદ્‌ઘાટન સમારંભ ૧૪-૧૨-૨૧ના રોજ રાખવામાં આવ્યો. જેમાં માર્ટીન ડી. ટેકવેન્ડો એકેડમીના કોચ ચાવડા દિપકભાઈ એચ. તથા ટ્રેનર ચાવડા આકાશ ડી., ગોઝારિયા કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રી જે.એન.પટેલ સાહેબ, કેમ્પસ ડાયરેક્ટર એન. કે. પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમ કાર્યક્રમમાં કોલેજની કુલ ૧૨૨ જેટલી વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો. ટ્રેનર મિત કોન્ટ્રાક્ટર તથા ચાવડા આકાશે સાત દિવસ સ્વ-બચાવની તાલીમ વિદ્યાર્થિની બહેનોને આપી હતી. તા. ૨૧-૧૨-૨૦૨૧ના રોજ આ તાલીમ કાર્યક્રમનો સમાપન

સમારંભ યોજવામાં આવ્યો. જેમાં વિદ્યાર્થિનીઓએ સામુહિક સ્વ-બચાવ તાલીમનો ડેમો આપ્યો તેમજ વિવિધ વેપનના ઉપયોગનો ડેમો પણ આપવામાં આવ્યો. સમાપન સમારંભમાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની કે જેઓ પોલીસ ખાતામાં કામગીરી કરી રહી છે તેઓ પણ હાજર રહી હતી.

*** " મોટીવેશન સ્પીચ " :-**

CWDC તથા મનોવિજ્ઞાન વિભાગ દ્વારા "મોટીવેશન સ્પીચ" કાર્યક્રમનું આયોજન તા. ૨-૨-૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વાઈબ્રન્ટ ગુજરાતના પ્રતિનિધિ ઝંખનાબેન ત્રિવેદી મુખ્ય મહેમાન અને વક્તા તરીકે હાજર રહ્યા હતા. તેઓએ સ્ત્રી સશક્તિકરણ અને પર્સનાલીટી ડેવલોપમેન્ટ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજની ૫૪ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી હતી.

*** વિશ્વ મહિલા દિવસની ઉજવણી :-**

નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયા (CWDC & NSS & Psychology & Sociology Dept.) તથા K.K.Patel Girls High school & M. K. Patel High school ના સંયુક્ત ઉપક્રમે તારીખ ૮ મી માર્ચ-૨૦૨૨ના રોજ વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગોઝારિયા કેળવણી મંડળના પ્રમુખ શ્રી કે. કે. પટેલ સાહેબના ધર્મપત્ની શ્રીમતી મધુબેન પટેલ તથા ટ્રસ્ટીશ્રી હિંમતલાલ પટેલ (બાપુ) સાહેબના ધર્મપત્ની શ્રીમતી કપિલાબેન પટેલ હાજર રહ્યા હતા તથા અતિથિવિશેષ તરીકે લાંઘણજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.શ્રી જયદિપસિંહ ચાવડા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કોલેજ અને શાળાની વિદ્યાર્થિની બહેનો તેમની માતાઓ સાથે તેમજ કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બહેનો ઉપસ્થિત રહી હતી. હાઈસ્કૂલના નિપાબેન પંચોલીએ વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ઈતિહાસની માહિતી આપી. કોલેજના આચાર્યા શ્રી ડૉ. ગાયત્રીબેન બારોટે દિકરીના જીવનમાં એમની " મા " નું મહત્વ જણાવ્યું હતું. ચંપાબેન એન. પટેલે વાસ્તવિક જીવનના વ્યવહારિક અનુભવો રજૂ કર્યા તથા કોલેજના અધ્યાપિકા ડૉ. હર્ષાબેન એમ. પટેલે તરૂણાવસ્થાની સમસ્યાઓ, સમાધાન અને માતા સાથેના વ્યવહાર અંગેની વિશદ માહિતી આપી તથા બંને વચ્ચે સંવાદાત્મક સેતુ સાધી ખૂબ હળવું વાતાવરણ સર્જી નૂતન ભવિષ્ય ઘડતર માટેની શુભકામનાઓ પાઠવી હતી.

*** સેનેટરી મશીન અને તેના ઉપયોગ :-**

નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયા CWDC યુનિટ દ્વારા તારીખ ૨૩-૨-૨૦૨૨ના રોજ સેમ-૨ ની વિદ્યાર્થિનીઓને સેનેટરી મશીન અને તેના ઉપયોગ વિશેની માહિતી ડૉ. વિમળાબેન ચૌહાણ દ્વારા આપવામાં આવી તેમજ ડેમો પણ આપવામાં આવ્યો.

* **આરોગ્યલક્ષી દાક્તરી સલાહ સૂચન અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે સમજૂતી કરાર.**

તારીખ ૧૯-૦૨-૨૦૨૨ના રોજ નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયાના રાષ્ટ્રીય સેવા યોજના અને જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશન, ગોઝારિયા તથા જાયન્ટ્સ ગોઝારિયા સહિયરના સંયુક્ત ઉપક્રમે સ્ત્રી આરોગ્યલક્ષી દાક્તરી સલાહ સૂચન અને કોલેજ તથા ગ્રુપ સાથે સેવાકીય પ્રવૃત્તિઓ માટે સમજૂતિ કરાર કરવાનો કાર્યક્રમ યોજાયો. સમારંભના મુખ્ય મહેમાન તરીકે જાયન્ટ્સ ફાઉન્ડેશન મહેસાણાના ચેરમેનશ્રી વિ.કે.પટેલ, મુખ્ય અતિથિ તરીકે ગોઝારિયા સાર્વજનિક હોસ્પિટલના તજજ્ઞ ગાયનેક સ્નેહાબેન પટેલ તેમજ સમગ્ર જાયન્ટ્સ ગોઝારિયા પરિવાર ઉપસ્થિત રહ્યો. સમારંભના મુખ્ય મહેમાન શ્રી વિં. કે. પટેલ સાહેબે કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જાયન્ટ્સ ગ્રુપનો હંમેશા સહયોગ મળશે, આપણે સાથે રહીને સમાજની સેવા કરતા રહેવાનું જણાવ્યું. ડૉ. સ્નેહાબેન પટેલે કોલેજની વિદ્યાર્થિનીઓની આરોગ્યલક્ષી મૂંઝવણો દૂર કરી હતી. સંસ્થાના વડા ડૉ. ગાયત્રીબેન બારોટે બંને સંસ્થાઓ વચ્ચેના સમજૂતી કરારથી સુમાહિતગાર કર્યા. આ સમજૂતિ કરાર પાછળ બંને સંસ્થાઓના સભ્ય એવા પ્રોફેસર એ.જી.પટેલ સાહેબે વિશેષ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમ NSS અને CWDC ના વડપણ હેઠળ સંપન્ન થયો હતો.

* **કૌટુંબિક હિંસાથી મહિલાને રક્ષણ :-**

નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયા (CWDC & Psychology & Sociology Dept.) અને મહિલા બાળ અધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે કૌટુંબિક હિંસાથી મહિલાને રક્ષણ આપતો એક્ટ-2005 સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મહિલા અને બાળ અધિકારી મહેસાણાના શ્રી મુકેશભાઈ પટેલ સાહેબ, મહિલા કલ્યાણ અધિકારી ભારતીબેન ભરતભાઈ ડાભી, પુષ્પાબેન ચૌહાણ, મનિષાબેન વ્યાસ તથા મિસ્ત્રી તૃપ્તિબેન હાજર રહ્યા હતા. સેમિનારની શરૂઆતમાં કોલેજની વિદ્યાર્થીની બહેનોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું. ત્યારબાદ બહેનોને કિટ આપી કાર્યક્રમની શરૂઆત થઈ. કોલેજના આચાર્યા શ્રી ગાયત્રીબેન બારોટે મહેમાનોનું સ્વાગત કરી અને કાર્યક્રમની રૂપરેખા આપી. મુકેશભાઈ સાહેબ તથા ભારતીબેને મહિલા આરક્ષણના કાયદા અને એક્ટ-૨૦૦૫ વિશેની સુંદર માહિતી વિદ્યાર્થી બહેનોને આપી.

* **કલા કૌશલ્ય ધારા મહેંદી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા અને વાનગી સ્પર્ધા :-**

નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયામાં કલા કૌશલ્ય ધારા અંતર્ગત તારીખ ૨૭-૯-૨૦૨૧ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૨૬ વિદ્યાર્થિનીઓએ અને ૨૮-૯-૨૦૨૧ના રોજ રંગોળી સ્પર્ધામાં ૨૭ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે જે. કે. પટેલ પ્રાથમિક શાળાની શિક્ષિકાઓ શ્રી જયશ્રીબેન પટેલ અને શ્રી આશાબેન ચૌધરીએ ભૂમિકા ભજવી હતી. સાથે સાથે કલા કૌશલ્ય ધારા અને NSS યુનિટ દ્વારા પોષણ માસ અંતર્ગત વાનગી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૮ બહેનોએ ભાગ લઈને વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી લાવી હતી.

* **શિક્ષક દિનની ઉજવણી :-**

તારીખ ૦૪-૦૯-૨૦૨૧ના રોજ જ્ઞાન ધારા અંતર્ગત "સ્વયં શિક્ષક દિન" ની ઉજવણી કરવામાં આવી. ૪૨ વિદ્યાર્થિની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. શૈક્ષણિક કાર્યને અંતે વિદ્યાર્થિની બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ડાન્સ, ગીત, સ્પીચ અને તેમના અનુભવો જણાવ્યા. આજના દિવસે આચાર્યા તરીકેની ભૂમિકા ઠાકોર પ્રિયંકાબેને સુંદર રીતે નિભાવી. સ્વયં શિક્ષિકાઓમાંથી તેમની શિક્ષણ આપવાની આગવી શૈલીને ધ્યાને લઈને નિર્ણાયક તરીકેની ભૂમિકા કોલેજના આચાર્યા ગાયત્રીબેન બારોટે ભાગ લેનાર બહેનોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે આપ સર્વે જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરો અને જીવનપંથ પર આગળ વધો અને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી. આ કાર્યક્રમનું સંચાલન ચાવડા રિંકલ દ્વારા કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. વિમળાબેન ચૌહાણના માર્ગદર્શન દ્વારા કરવામાં આવ્યું.

* **નવરાત્રી મહોત્સવ :-**

તા. ૧૨-૧૦-૨૦૨૧ના રોજ ગર્લ્સ હાઈસ્કૂલના સભાખંડમાં નવરાત્રિ મહોત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં કોલેજની સમગ્ર વિદ્યાર્થિનીઓએ ભારતીય પોશાકમાં ભાગ લીધો.

* **રીડીંગ ક્લબ :-**

- તારીખ ૨૮-૦૭-૨૦૨૧ના રોજ રીડીંગ ક્લબ અંતર્ગત પુસ્તક પરિચય બેઠકનું આયોજન કોલેજ હોલમાં કરવામાં આવ્યું. આ બેઠકના સભા.અધ્યક્ષ તરીકે શ્રી ડાહ્યાભાઈ ડી. પટેલ (નિવૃત્ત શિક્ષણાધિકારી), ગોઝારિયા કેળવણી મંડળના કારોબારી સભ્ય શ્રી જે. એન. પટેલ, શ્રી પ્રકાશભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટરશ્રી નિરૂભાઈ પટેલની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં દરેક સંસ્થાના પ્રતિનિધિ દ્વારા ઉત્તમ પુસ્તકોના વાંચન થકી ઉત્તમ વિચારો રજુ કર્યા હતા. સભા. અધ્યક્ષ શ્રી ડાહ્યાભાઈ ડી. પટેલે પુસ્તકોની સાથે સાથે માણસને પણ વાંચવાની સોનેરી સલાહ આપી હતી.
- તારીખ ૦૬-૦૯-૨૦૨૧ ના રોજ રીડીંગ ક્લબ અંતર્ગત ચતુર્થ બેઠકનું આયોજન કોલેજ હોલમાં કરવામાં આવ્યું. આ બેઠકના સભા અધ્યક્ષ તરીકે આંબલીયાસણ સેન્ટરના બ્રહ્માકુમારી બિન્દુબેન, ગોઝારિયા કેળવણી મંડળના કારોબારી સભ્ય શ્રી જે. એન. પટેલ, કોલેજના આચાર્યશ્રી ગાયત્રીબેન બારોટ અને કેમ્પસ ડાયરેક્ટરશ્રી નિરૂભાઈ પટેલની હાજરીમાં મળી હતી. જેમાં દરેક સંસ્થાના પ્રતિનિધિ દ્વારા ઉત્તમ પુસ્તકોના વાંચન થકી ઉત્તમ વિચારો રજુ કર્યા હતા. સભા અધ્યક્ષ બ્રહ્માકુમારી બિન્દુબેને આધુનિક જીવનમાં પરમ શિક્ષક પરમાત્માની અનેકવિધ કૃપાની આવશ્યકતા વિશે વાત કરી તથા રજૂ થયેલ પુસ્તક સમીક્ષાઓને એક જ તાંતણે બાંધી આપી હતી.
- તારીખ ૦૪-૧૨-૨૦૨૧ના રોજ રીડીંગ ક્લબ અંતર્ગત પુસ્તક પરિચય બેઠકનું આયોજન કોલેજ હોલમાં કરવામાં આવ્યું. આ બેઠકના સભા અધ્યક્ષ તરીકે શ્રી ગોઝારિયા કેળવણી મંડળના કારોબારી

સભ્યશ્રી જે. એન. પટેલ અને કેમ્પસ ડાયરેક્ટરશ્રી નિરૂભાઈ પટેલની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં દરેક સંસ્થાના પ્રતિનિધિ દ્વારા ઉત્તમ પુસ્તકોના વાંચન થકી ઉત્તમ વિચારો રજુ કર્યા હતા. સભા અધ્યક્ષ શ્રી જયંતિભાઈ પટેલે કહ્યું કે સારા પુસ્તકો આશા અને જ્ઞાનનાં દિપકને પ્રજવલિત કરે છે સાથે સાથે જ્ઞાન અને ડાહપણનો ખજાનો પૂરો પાડે છે. રીડીંગ ક્લબમાં વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ જોડાય તેવું આયોજન અને કોલેજ ગ્રંથાલયમાં વિદ્યાર્થીઓને જીવન વિકાસ થાય તેવા પુસ્તકો અને સામાયિકો વસાવવા ઉપર ભાર મૂકવા જણાવ્યું.

- તારીખ ૧-૧-૨૦૨૨ના રોજ રીડીંગ ક્લબ અંતર્ગત પુસ્તક સમીક્ષા બેઠકનું આયોજન કોલેજ હોલમાં કરવામાં આવ્યું. આ બેઠકના સભા અધ્યક્ષ તરીકે હોલી ચાઈલ્ડ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી હરીશભાઈ બ્રહ્મભટ્ટ અને આચાર્યશ્રી હેતલબેન પટેલ તેમજ શ્રી ગોઝારિયા કેળવણી મંડળના કારોબારી સભ્ય શ્રી જે. એન. પટેલ અને કેમ્પસ ડાયરેક્ટરશ્રી નિરૂભાઈ પટેલની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં દરેક સંસ્થાના પ્રતિનિધિ દ્વારા ઉત્તમ પુસ્તકોના વાંચન થકી ઉત્તમ વિચારો રજુ કર્યા હતા. સભા અધ્યક્ષ શ્રી હરીશભાઈ બ્રહ્મભટ્ટે કહ્યું કે સારા પુસ્તકોનાં વાંચન થકી માનસિક અને ચૈતસિક વ્યક્તિત્વનો વિકાસ વાંચન થકી જ થાય છે અને સારા વિચારોનો ઉદ્‌ભવ સારા પુસ્તકોના વાંચનથી જ થાય છે તેમ જણાવ્યું. આચાર્યશ્રી હેતલબેન પટેલે જણાવ્યું કે આપણે વ્યવસાયમાંથી આઉટ ડેટેડ થઈ જઈએ તે પહેલાં સારા પુસ્તકોનું વાંચન કરવું જોઈએ અને બાળકોને ઉત્તમ શિક્ષણ આપવાની સાથે સાથે બાળકોમાં પૂરક વાંચન અને લાયબ્રેરી તાસની જરૂરિયાત છે.

- લાયબ્રેરી વિભાગના ઉપકે તારીખ ૨૯-૦૧-૨૦૨૨ના રોજ રીડીંગ ક્લબ અંતર્ગત સાતમી પુસ્તક સમીક્ષા બેઠકનું આયોજન કોલેજ હોલમાં કરવામાં આવ્યું. આ બેઠકના સભા અધ્યક્ષ તરીકે શ્રી કુસુમ માનસુદરાય પોટા (નિવૃત્ત પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી) અને શ્રી ગોઝારિયા કેળવણી મંડળના કેમ્પસ ડાયરેક્ટરશ્રી નિરૂભાઈ પટેલની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં દરેક સંસ્થાના પ્રતિનિધિ દ્વારા ઉત્તમ પુસ્તકોના વાંચન થકી ઉત્તમ વિચારો રજુ કર્યા હતા. સભા અધ્યક્ષ શ્રી કુસુમ માનસુદરાય પોટાએ કહ્યું કે વિચારોની રજૂઆત કરતા પહેલાં વ્યક્તિગત જિંદગીમાં તપાસી લીધા પછી જ સામૂહિક વિવરણમાં મૂકવા જણાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પાયલબેન ચાવડા દ્વારા અને આભાર વિધિ હેમલતાબેન વી. જાન્ગડ દ્વારા કરવામાં આવી હતી.

* **સ્પોર્ટસ વિભાગ**

**કોલેજે ચેમ્પિયનશીપ મેળવી :-**

તારીખ ૧૩-૧૨-૨૦૨૧ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ખાતે આંતર કોલેજ વેઈટ લિફટીંગ સ્પર્ધામાં નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયાએ ભાગ લીધો. જેમાં ઠાકોર રિપલ દિનેશજી 49 kg. વેઈટ કેટેગરીમાં ક્વોલિફાઈડ થઈ અને આંતર યુનિવર્સિટીમાં પસંદગી

પામી અને કોલેજે ચેમ્પિયનશીપ મેળવી. ઉ.ગુજરાત હેમ.યુનિવર્સિટી, ૩૨ માં આંતર કોલેજ એથ્લેટિક્સ ખેલકૂદ મહોત્સવનું આયોજન હિંમતનગર ખાતે થયું હતું. જેમાં આપણી નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયાની ૮ વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. જેમાં SY BA ની વિદ્યાર્થી ઠાકોર રિપલબેને ગોળાફેંક સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

* **ગુજરાતી વિભાગ**

**"મેઘાણી વંદના" ની ઉજવણી :-**

ગુજરાતી સાહિત્ય અને લોકસાહિત્ય વિશ્વ વિખ્યાત શબ્દના સોદાગાર, રાષ્ટ્રી શાયર ઝવેરચંદ કાળીદાસ મેઘાણીની સવા શતાબ્દિ નિમિત્તે " મેઘાણી વંદના " ની ઉજવણી કરાઈ. આ દબદાભેર ઉજવણી કૉલેજના ગુજરાતી વિભાગ અને ગ્રંથાલયના ઉપક્રમે તારીખ ૨૭-૦૮-૨૦૨૧ થી ૦૧-૦૯-૨૦૨૧ સુધી આયોજન કરાયું. " મેઘાણી વંદના " માં સૌ પ્રથમ ઓનલાઈન ક્વીઝનું આયોજન જેમાં ૩૪૫ પ્રતિસ્પર્ધકો જોડાયા. મેઘાણી સાહિત્ય લોકસાહિત્યના પુસ્તકો અને મેઘાણી ફોટો ગેલેરીનું પ્રદર્શન કરવામાં આવ્યું. સાથે સાથે ગુજરાતી વિષયના અધ્યાપક ડૉ. ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ મેઘાણીના સર્જન-સંપાદન પુસ્તકોની રસપ્રદ માહિતી આપી. કોલેજની વિદ્યાર્થિનીઓએ મેઘાણીના શૌર્યગીતો અને સંપાદિત લોકગીતોમાં ઉત્સાહભેર ભાગ લીધો. પ્રથમ સ્થાને ભાવિકા લાલુભાઈ રાવળ, દ્વિતીય સ્થાને રંજનબેન કાળાજી ઠાકોર અને તૃતીય સ્થાને કોમલ બચુભાઈ રાવળ ઉત્તીર્ણ સ્પર્ધકોને યુનિ.કક્ષાની સ્પર્ધા માટે મોકલવામાં આવી હતી. ઉપરાંત મેઘાણીના જીવનવિશેની રસપ્રદ વાતો અને ગીતોનો આસ્વાદ ડૉ. ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ અને મેઘાણીના સમગ્ર સાહિત્યસૃષ્ટિ વિશે ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ પોતાની આગવી શૈલીમાં વાત કરી.

* **ગાંધી જયંતિ :-**

તા. ૨૭-૦૯-૨૦૨૧ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ અને ગુજરાતી વિભાગ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગાંધી કથાકારશ્રી સ્વ. નારાયણભાઈ દેસાઈની સાથે રહેતા, વેડછી આશ્રમમાં સેવા કરનાર અને પોતાને જમીન વિહોણા ખેડૂત તરીકે ઓળખાવનાર શ્રી કૌશિકભાઈ પરમારે ' વિનોબા અને ગાંધી ' વિશેની ચર્ચા NSS ની સ્વયં સેવિકાઓ સાથે સરસ રીતે વાર્તાલાપ શૈલીમાં રજુ કરી હતી. તા. ૨૮-૯-૨૦૨૧ થી તા. ૦૨-૧૦-૨૦૨૧ દરમિયાન રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ અને લાયબ્રેરી વિભાગ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે આયોજિત ક્વીઝમાં ૪૧૪ પ્રતિયોગીઓ જોડાયા હતા.

* **૮૮ મા વર્ષે ભોળાભાઈ પટેલની એક યાદ :-**

ગુજરાતી વિભાગના ઉપક્રમે નિબંધકાર, વિવેચક, સંપાદક અને અનુવાદક એવા પદ્મશ્રી ભોળાભાઈ પટેલના ૮૮ મા જન્મદિન પ્રસંગે યાદ કરવામાં આવ્યા. સૌ પ્રથમ ભોળા પટેલના જીવનઝરમર વિશે ડૉ. ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને નિબંધકાર ભોળાભાઈ વિશે ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા ઉપરાંત પ્રસંગ અનુરૂપ કૉલેજના વડા ડૉ. ગાયત્રીબેન બારોટ જેઓએ સર્જક વિશે મનનીય વાત કરી.

* **અંગ્રેજી વિભાગ :-**

તારીખ ૧૭-૦૮-૨૧ના રોજ ઈંગ્લીશ ડીપાર્ટમેન્ટના ઉપક્રમે આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, નેત્રંગના
વિદ્વાન અધ્યાપક ડૉ. જસવંતભાઈ રાઠોડ દ્વારા English : The Linguistic & Literary Per-
spectives વિષય પર શ્રોતામાં રસ જગાવતું વ્યાખ્યાન આપ્યું જેમાં ૧૮ જેટલી વિદ્યાર્થિનીઓએ
ભાગ લીધો હતો. પોતાના વ્યાખ્યાનમાં ડૉ. રાઠોડે કોરોનાના કપરા કાળમાં થયેલા શૈક્ષણિક નુકશાનની
વાત કરી વક્તા-શ્રોતા આદાનપ્રદાન શૈલીમાં શ્રેષ્ઠ વ્યાખ્યાન આપ્યું હતું.

તારીખ ૩૦ સપ્ટેમ્બરના રોજ અંગ્રેજી વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય અનુવાદ દિનની દબદબાભેર
ઉજવણી કરવામાં આવી. જેમાં કુલ ૪૩ વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી. ઈશવંદના થી શરૂ થયેલ આ
કાર્યક્રમમાં અંગ્રેજી વિભાગના અધ્યક્ષ અને કૉલેજના આઈ.ક્યુ.એ.સી.સંયોજક ડૉ. તરૂણકુમાર
રાવલે અધ્યક્ષીય પ્રવચનમાં વૈશ્વિકરણના સંદર્ભે અનુવાદનું મહત્વ સમજાવ્યું હતું.

તારીખ ૦૭-૧૦-૨૦૨૧ના રોજ ગુજરાતી અને અંગ્રેજી વિભાગ દ્વારા ડાયડનનું 'મેકફલેકનો' અને
મીનપિયાસીનું ' કબૂતરોનું ઘૂ ઘૂ' પર 'વ્યંગ્ય કવિતા' પર સંયુક્ત સેમિનારનું આયોજન કરવામાં
આવ્યું.

* **સંસ્કૃત વિભાગ**

**" શિવ મહાત્મ્ય અને શિવ મહિમા ગાન"**

સંસ્કૃત વિભાગ દ્વારા તારીખ : ૧૧-૦૮-૨૦૨૧ના રોજ શ્રાવણ માસ નિમિત્તે " શિવ મહાત્મ્ય અને
શિવ મહિમા ગાન''ની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ડૉ. વિક્રમભાઈ જોષી સાહેબ એસ.ડી.
આર્ટ્સ કોલેજ, માણસા સંસ્કૃત વિભાગ દ્વારા શિવ-જીવનની એકતા, શિવનો મહિમા તેમજ શિવજીને
લગતા સ્તુતિ કાવ્યો, તેમના સાધનો દ્વારા મહાદેવના ગુનગાન ગાઈ આજે પવિત્ર ભક્તિમય વાતાવરણ
બનાવી દીધું હતું. સંજયભાઈ વ્યાસ જેઓ કથાકાર છે, તેમણે શિવ મહિમ્ન સ્તોત્ર કાવ્યનું ગાન કરી
તેને સુંદર રીતે સમજાવ્યું. " શિવ બિલ્વાષ્ટકમ્ " જેવા સ્તુતિકાવ્યોનું ગાન કર્યું, પ્રાથમિક, પ્રાકૃતિક
તત્વો દ્વારા શિવજી પ્રસન્ન થઈ જાય છે, તેવા દેવોના દેવ મહાદેવ છે. આમ ભોળા શંભુની આરાધના
કરી. ડૉ. તુષારભાઈ પંડ્યા સાહેબે કાર્યક્રમનું સંચાલન કર્યું. ડૉ. તરૂણભાઈ રાવલ સાહેબે સંગીતમય
વાતાવરણ સર્જ્યું, વિદ્યાર્થિની બહેનોએ પણ શિવ સ્તુતિ કરી.

* **" સંસ્કૃત સપ્તાહ"**

સરકારશ્રી તરફથી મળેલ આદેશ મુજબ તારીખ ૧૯-૮-૨૦૨૧ થી ૨૫-૦૮-૨૦૨૧ દરમિયાન
સંસ્કૃત સપ્તાહોત્સવ ઉજવાયો. જેમાં ૧૯-૮-૨૦૨૧ના રોજ સંસ્કૃત સાહિત્યને લગતી ઓનલાઈન
ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૧૩૫ પ્રતિયોગીઓ જોડાયા, તારીખ ૨૩-૦૮-
૨૦૨૧ના રોજ સંસ્કૃત સુલેખન સ્પર્ધામાં ૩૯ વિદ્યાર્થિનીઓ ભાગ લીધો. તારીખ ૨૩-૦૮-
૨૦૨૧ના રોજ " સંસ્કૃત સપ્તાહ " નિમિત્તે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી. જેમાં ૩૯ વિદ્યાર્થી

બહેનોએ ભાગ લીધો હતો. તા. ૨૪-૦૮-૨૦૨૧ ના રોજ " પુસ્તક પ્રદર્શન " યોજવામાં આવ્યું. કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ગાયત્રીબેન બારોટે વૈદિક સાહિત્ય થી આધુનિક સંસ્કૃત સાહિત્યનો પરિચય કરાવ્યો. ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ સંસ્કૃત સાહિત્યની આધુનિક સાહિત્યમાં અસર વિશે, ડૉ. તરૂણ રાવલે સંસ્કૃત ભાષાની વિવિધ ભાષાઓ પર અસર અને ડૉ. નટવરભાઈ દસલાણિયાએ પુસ્તકના મહત્વ અંગે સમજાવી, વધુમાં વધુ પુસ્તક વાંચન અંગે વિદ્યાર્થિનીઓને પ્રેરીત કરી હતી. તારીખ ૨૫-૦૮-૨૦૨૧ના સંસ્કૃત સપ્તાહ નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા અને શ્લોક ગાન યોજાઈ જેમાં સેમ-૫/૩ ની કુલ ૨૭ વિદ્યાર્થિની બહેનો જોડાઈ અને ૧૨ વિદ્યાર્થિનીઓ પ્રતિસ્પર્ધી તરીકે ભાગ લીધો હતો અને ગીતાબા ચાવડા, એમ. એન. કોલેજ, વિસનગરના સંસ્કૃત વિભાગીય અધ્યાપિકા અતિથિ વિશેષ તરીકે જોડાયા હતા અને વિદ્યાર્થિની બહેનોને આશીર્વચન, શુભેચ્છાઓ પાઠવી સંસ્કૃત ભાષાનું મહત્વ સમજાવ્યું હતું.

*** હિંદી વિભાગ**

**" પ્રેમચંદ જયંતિ"**

તા. ૨૯-૦૭-૨૦૨૧ થી ૩૧-૦૭-૨૦૨૧ સુધી લાય બ્રેરી અને હિંદી વિભાગ દ્વારા ' પ્રેમચંદ જયંતિ-૨૦૨૧' ની ઉજવણી કરવામાં આવી 'પ્રેમચંદ જયંતિ' અંતર્ગત તા. ૨૯-૭-૨૦૨૧ના રોજ પ્રેમચંદ વિષયક પુસ્તકોનું પ્રદર્શન તથા ફોટો ગેલેરી યોજવામાં આવી. તારીખ ૩૦-૦૭-૨૦૨૧ના રોજ अक्षर-सम्राट प्रेमचंद शीर्षक से प्रेमचंद के जीवन-कवन पर Online Quiz યોજવામાં આવી અને તા. ૩૧-૦૭-૨૦૨૧ના રોજ प्रेमचंद की सामाजिक उपादेयता विषयक Online - Ofline સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

*** મનોવિજ્ઞાન વિભાગ**

**"Women Equality Day" ની ઉજવણી :-**

મનોવિજ્ઞાન અને ગ્રંથાલયના ઉપક્રમે "Women Equality Day" ની ઉજવણી કરવામાં આવી. જેમાં ખ્યાતનામ સ્ત્રીઓના જીવન, કવન, સ્ત્રીના અધિકારો, સ્ત્રીના શારીરિક માનસિક સ્વાસ્થ્ય વગેરે જેવા વિષય પર ના પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું. આ પુસ્તક પ્રદર્શનને પ્રા. એમ. બી. પટેલ સાહેબ તથા કોલેજના આચાર્યાશ્રી ગાયત્રીબેન બારોટ દ્વારા ખુલ્લુ મૂકવામાં આવ્યું. જેમાં કોલેજની ૬૬ વિદ્યાર્થીનીઓએ પ્રદર્શનનો લાભ લીધો. અંતે વિદ્યાર્થિની બહેનોને ચોકલેટ આપી મોંઢુ મીઠું કરાવવામાં આવ્યું.

*** ગ્રંથાલય વિભાગ :-**

કોલેજના ગ્રંથાલયમાં વિવિધ વિષયોને આવરી લેતા પુસ્તકોનો વિદ્યાર્થિનીઓ અને અધ્યાપકો મહત્તમ લાભ લેતા રહે છે. સાથે સાથે કોલેજમાં ચાલતા વિષયોના પ્રોજેક્ટ અને ગ્રંથ રીવ્યુમાં પણ વિદ્યાર્થિનીઓને મદદ કરવામાં આવે છે. ચાલુ વર્ષે વિવિધ વિષયલક્ષી પુસ્તકોનું પ્રદર્શન અને ફોટો ગેલેરીનું પણ આયોજન કર્યું. કોલેજ ગ્રાન્ટમાંથી અભ્યાસક્રમના પુસ્તકોની ખરીદી કરવામાં આવી અને જનરલ નોલેજ, જાહેર પરીક્ષાની તૈયારીમાં મદદરૂપ અને વિષયોની માહિતી પૂરી પાડતા કોલેજમાં આવતા સામયિકો રીન્યુ કરાવવામાં આવ્યા. ચાલુ વર્ષે રૂા. ૨૬,૧૧૨/- ના સામાયિકો અને વર્તમાનપત્રો પાછળ અને રૂા. ૧૨,૭૫૮/- પુસ્તકો પાછળ ખર્ચ કરવામાં આવ્યો.

'' યોજવામાં આવ્યું.
નેક સંસ્કૃત સાહિત્યનો
હિત્યમાં અસર વિશે,
ભાઈ દસલાણિયાએ
ોને પ્રેરીત કરી હતી.
ક ગાન યોજાઈ જેમાં
તિસ્પર્ધી તરીકે ભાગ
વિભાગીય અધ્યાપિકા
ચ્છાઓ પાઠવી સંસ્કૃત

વિભાગ દ્વારા ' પ્રેમચંદ
ા. ૨૯-૭-૨૦૨૧ના
વી. તારીખ ૩૦-૦૭-
न पर Online Quiz
ाक उपादेयता विषयक

જવણી કરવામાં આવી.
ીરિક માનસિક સ્વાસ્થ્ય
પ્રદર્શનને પ્રા. એમ. બી.
મૂકવામાં આવ્યું. જેમાં
ોને ચોકલેટ આપી મોઢું

ી અને અધ્યાપકો મહત્તમ
અને ગ્રંથ રીવ્યુમાં પણ
સ્તકોનું પ્રદર્શન અને ફોટો
ી ખરીદી કરવામાં આવી
હિતી પૂરી પાડતા કોલેજમાં
૨/- ના સામાયિકો અને
ં આવ્યો.

## વાર્ષિક પારિતોષિક વિતરણ અને બી. એ. સેમેસ્ટર-૬ ની વિદ્યાર્થિનીઓની વિદાય

તા. ૨૫-૦૩-૨૦૨૨ના રોજ શ્રી ગોઝારિયા કેળવણી મંડળ સંચાલિત નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજની સેમ-૬ની વિદ્યાર્થિનીઓનો વિદાયસમારંભ ગર્લ્સ હાઈસ્કૂલના સભાખંડમાં સામાજિક કાર્યકર્તા, સાહિત્યકાર અને કેળવણીકાર ડૉ. મફતભાઈ પટેલ, લૉ કોલેજ મહેસાણાના આચાર્યશ્રી ડૉ. મહેશભાઈ પટેલ અને કેળવણી મંડળના પ્રમુખશ્રી કે. કે. પટેલ તેમજ મંડળના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં યોજાયો. કેળવણી મંડળના હોદ્દેદારો તથા મહેમાનોએ દીપપ્રાગટ્ય કરી સમારંભ ખૂલ્લો મૂક્યો. સમારંભના અધ્યક્ષ ડૉ. મફતભાઈ પટેલશ્રીએ વિદ્યાર્થિનીઓને જીવનમાં માનવતાપૂર્ણ વ્યવહાર કરવો અને સમાજને ઉપયોગી બનવાની વાત કરી હતી. કેળવણી મંડળના પ્રમુખશ્રી કે. કે. પટેલ સાહેબે વિદ્યાર્થિનીઓને શિક્ષણ મેળવી વિનમ્રતા, સાદગીપૂર્ણ વ્યવહાર કરવાની શીખ આપી હતી. સાથે વિદાય લઈ રહેલ વિદ્યાર્થિનીઓને સમૃધ્ધ ભાવિ માટે શુભકામનાઓ પાઠવી હતી.

*** કોલેજ પરીક્ષા :-**

ઓક્ટોબર-ડિસેમ્બર : ૨૦૨૧ માં સેમેસ્ટર-૧, ૩ અને ૫ અને માર્ચ - જૂન : ૨૦૨૨ માં સેમેસ્ટર - ૨, ૪ અને ૬ ની યુનિ.દ્વારા લેવાનાર યુનિ.પરીક્ષામાં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થિનીઓને તેવીસમા વાર્ષિક પારિતોષિક વિતરણમાં કેળવણી મંડળ, ગોઝારિયા દ્વારા ઈનામને પાત્ર બનતી વિદ્યાર્થિની બહેનોની યાદી.

*** પરીક્ષા પરિણામ :-**

- **વર્ગવાર પ્રથમ ત્રણ નંબર મેળવેલ બહેનોની યાદી :**

**બી. એ. સેમેસ્ટર-૧ (ઓક્ટોબર-ડિસેમ્બર : ૨૦૨૧)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| પ્રથમ | | ૭૫૦ | ૫૦૦/- | શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોકસી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| દ્વિતીય | | ૭૫૦ | ૩૦૦/- | |
| તૃતીય | | ૭૫૦ | ૨૦૦/- | |

● બી. એ. સેમેસ્ટર-૨ (માર્ચ-જૂન-૨૦૨૨)

| નંબર | ઈનામ લેનારનું નામ | ફુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| પ્રથમ | | ૭૫૦/ | ૫૦૦/- | શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોક્સી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| દ્વિતીય | | ૭૫૦/ | ૩૦૦/- | |
| તૃતીય | | ૭૫૦/ | ૨૦૦/- | |

● બી. એ. સેમેસ્ટર-૩ (ઓક્ટોબર-ડિસેમ્બર-૨૦૨૧)

| નંબર | ઈનામ લેનારનું નામ | ફુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| પ્રથમ | દેવડા કાજલબેન અજીતજી | ૬૦૦/૪૯૧ | ૫૦૦/- | શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોક્સી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| દ્વિતીય | નાયક સંગીતાબેન બાબુભાઈ | ૬૦૦/૪૬૮ | ૩૦૦/- | |
| તૃતીય | રાવળ જાગૃતિબેન દેવાભાઈ | ૬૦૦/૪૫૬ | ૨૦૦/- | |

● બી. એ. સેમેસ્ટર-૪ (માર્ચ-જૂન-૨૦૨૨)

| નંબર | ઈનામ લેનારનું નામ | ફુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| પ્રથમ | | ૬૦૦ | ૫૦૦/- | શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોક્સી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| દ્વિતીય | | ૬૦૦ | ૩૦૦/- | |
| તૃતીય | | ૬૦૦ | ૨૦૦/- | |

● બી. એ. સેમેસ્ટર-૫ (ઓક્ટોબર-ડિસેમ્બર-૨૦૨૧)

| નંબર | ઈનામ લેનારનું નામ | ફુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| પ્રથમ | રાવળ કોમલબેન પોપટભાઈ | ૬૫૦/૪૩૨ | ૫૦૦/- | શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોક્સી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| દ્વિતીય | ઠાકોર દક્ષાબેન ગોવિંદજી | ૬૫૦/૪૩૧ | ૩૦૦/- | |
| તૃતીય | રાવળ ધરતીબેન નટવરલાલ | ૬૫૦/૪૩૦ | ૨૦૦/- | |

● બી. એ. સેમેસ્ટર - ૬ (માર્ચ-જૂન-૨૦૨૨)

| નંબર | ઈનામ લેનારનું નામ | ફુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| પ્રથમ | | ૬૫૦/ | ૫૦૦/- | શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોક્સી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| દ્વિતીય | | ૬૫૦/ | ૩૦૦/- | |
| તૃતીય | | ૬૫૦/ | ૨૦૦/- | |

## વર્ગવાર મુખ્ય વિષયમાં પ્રથમ સ્થાન મેળવેલ બહેનોની યાદી :

- વર્ગવાર મુખ્ય વિષયમાં પ્રથમ સ્થાન મેળવેલ બહેનોની યાદી :

### બી. એ. સેમેસ્ટર-૧ (ઓક્ટોબર-ડિસેમ્બર : ૨૦૨૧)

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| સંસ્કૃત | | ૨૦૦/ | ૧૭૫/- | શ્રી ગીરીશભાઈ નાથાલાલ પટેલ તરફથી રૂા. ૧૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| અંગ્રેજી | | ૨૦૦/ | ૧૭૫/- | |
| ગુજરાતી | | ૨૦૦/ | ૧૭૫/- | |
| હિન્દી | | ૨૦૦/ | ૧૭૫/- | |

- ### બી. એ. સેમેસ્ટર-૨ (માર્ચ-જૂન-૨૦૨૨)

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| સંસ્કૃત | | ૨૦૦/ | ૧૭૫/- | શ્રી હિંમતભાઈ શંકરભાઈ પટેલ સાહેબ (બાપુ) તરફથી રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી |
| અંગ્રેજી | | ૨૦૦/ | ૧૭૫/- | |
| ગુજરાતી | | ૨૦૦/ | ૧૭૫/- | |
| હિન્દી | | ૨૦૦/ | ૧૭૫/- | |

- ### બી. એ. સેમેસ્ટર-૩ (ઓક્ટોબર-ડિસેમ્બર-૨૦૨૧)

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| સંસ્કૃત | ઠાકોર નિકીતાબેન બાબુજી | ૩૦૦/૨૪૦ | ૧૭૫/- | શ્રી ગોરધનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તરફથી તેમના ધર્મપત્નીની યાદમાં રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી |
| અંગ્રેજી | રાવળ જાગૃતિબેન દેવાભાઈ | ૩૦૦/૨૦૪ | ૧૭૫/- | |
| ગુજરાતી | દેવડા કાજલબેન અજીતજી | ૩૦૦/૨૪૫ | ૧૭૫/- | |
| હિન્દી | ચાવડા ભૂમિબેન ભૂપતજી | ૩૦૦/૨૩૨ | ૧૭૫/- | |

- ### બી. એ. સેમેસ્ટર-૪ (માર્ચ - જૂન - ૨૦૨૨)

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| સંસ્કૃત | | ૩૦૦/ | ૧૭૫/- | મહેરિયા ચંચળબેન ગંગારામ હસ્તે શ્રી રમેશભાઈ મહેરિયા તરફથી રૂા. ૧૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| અંગ્રેજી | | ૩૦૦/ | ૧૭૫/- | |
| ગુજરાતી | | ૩૦૦/ | ૧૭૫/- | |
| હિન્દી | | ૩૦૦/ | ૧૭૫/- | |

- **બી. એ. સેમેસ્ટર-૫ (ઓક્ટોબર-ડિસેમ્બર-૨૦૨૧)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| સંસ્કૃત | | ૫૦૦/ | ૧૭૫/- | દિપેશકુમાર ભીખાભાઈ પટેલ ના સ્મરણાર્થે શ્રી ભીખાભાઈ મણીલાલ ગણેશદાસ પટેલ તરફથી રૂા. ૧૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| અંગ્રેજી | | ૫૦૦/ | ૧૭૫/- | |
| ગુજરાતી | | ૫૦૦/ | ૧૭૫/- | |
| હિન્દી | | ૫૦૦/ | ૧૭૫/- | |

- **બી. એ. સેમેસ્ટર-૬ (માર્ચ-જૂન-૨૦૨૨)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| સંસ્કૃત | | ૫૦૦/ | ૧૭૫/- | દિપેશકુમાર ભીખાભાઈ પટેલ ના સ્મરણાર્થે શ્રી ભીખાભાઈ મણીલાલ ગણેશદાસ પટેલ તરફથી રૂા. ૧૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| અંગ્રેજી | | ૫૦૦/ | ૧૭૫/- | |
| ગુજરાતી | | ૫૦૦/ | ૧૭૫/- | |
| હિન્દી | | ૫૦૦/ | ૧૭૫/- | |

- **વર્ગવાર પ્રથમ ગૌણ (મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર) વિષયમાં પ્રથમ સ્થાન મેળવેલ બહેનોની યાદી બી. એ. સેમેસ્ટર-૨ (માર્ચ-જૂન-૨૦૨૨)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| મ.વિજ્ઞાન | | ૨૦૦/ | ૧૭૫/- | શ્રી ભોગીલાલ રતનદાસ પટેલ તરફથી રૂા. ૫,૦૦૦/-ના વ્યાજમાંથી |
| સ.શાસ્ત્ર | | ૨૦૦/ | ૧૭૫/- | |

- **બી. એ. સેમેસ્ટર-૪ (માર્ચ-જૂન-૨૦૨૨)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| મ.વિજ્ઞાન | | ૨૦૦/ | ૧૭૫/- | શ્રી ભોગીલાલ રતનદાસ પટેલ તરફથી રૂા. ૫,૦૦૦/-ના વ્યાજમાંથી |
| સ.શાસ્ત્ર | | ૨૦૦/ | ૧૭૫/- | |

ના દાતાશ્રી

ભીખાભાઈ પટેલ
ર્થે શ્રી ભીખાભાઈ
ગણેશદાસ પટેલ
. ૧૦,૦૦૦/-ના
જમાંથી

ના દાતાશ્રી

ર ભીખાભાઈ પટેલ
ર્થે શ્રી ભીખાભાઈ
ગણેશદાસ પટેલ
રૂ. ૧૦,૦૦૦/-ના
યાજમાંથી

વેલ બહેનોની યાદી

મના દાતાશ્રી

લાલ રતનદાસ પટેલ
રૂ. ૫,૦૦૦/-ના
વ્યાજમાંથી

ામના દાતાશ્રી

ીલાલ રતનદાસ પટેલ
ી રૂ. ૫,૦૦૦/-ના
વ્યાજમાંથી

---

*** આર્થિક સહાય :-**


- શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોક્સી) તરફથી રૂ. ૧,૦૦,૦૦૦/- ના વ્યાજમાંથી કૉલેજની વિદ્યાર્થિનીઓને વિવિધ પ્રવૃત્તિઓ માટે યુનિ. કક્ષાએ રમત-ગમત તેમજ યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેનારને રૂ. ૫૦૦/- ઉપરાંત તેમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરનારને રૂ. ૧,૦૦૦/- ના ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. નેટ/સ્લેટ પરીક્ષા પાસ કરનાર અધ્યાપકને રૂ. ૧,૦૦૦/- નું ઈનામ આપવામાં આવે છે.

<u>૨૦૨૧-૨૦૨૨ દરમ્યાન કૉલેજની પ્રવૃત્તિઓ, ઈનામ વિતરણ વગેરે માટેની નીચેની વિગતે આર્થિક પ્રોત્સાહન રૂપે સહાય મળી.</u>

- શ્રી અશોકભાઈ જી. પટેલ માજી પ્રમુખ, રોટરી કલબ, ગોઝારિયા તરફથી રૂ. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી રમત-ગમત ક્ષેત્રે આંતર યુનિ. કક્ષાએ પસંદગી પામેલ અને માત્ર ભાગ લીધો હોય તેવી વિદ્યાર્થિનીઓને ઈનામ આપવામાં આવ્યા અને આવશે.
- શ્રી મણીલાલ શંકરદાસ પટેલ તરફથી વાર્ષિક પરીક્ષામાં યુનિ. કક્ષાએ પ્રથમ નંબર આવનારને રૂ. ૫૦૧/- ઈનામ આપવામાં આવશે.
- કૉલેજના કન્વીનરશ્રી પ્રા. મનુભાઈ પટેલ તરફથી રમત-ગમત ક્ષેત્રે આંતર યુનિ. કક્ષાએ પસંદગી પામેલ પ્રત્યેક વિદ્યાર્થિનીને રૂ. ૨૫૧/- ના ઈનામ આપવામાં આવશે.
- કૉલેજના પૂર્વ પ્રિ. રવિન્દ્રપાલસિંહ રાણા તરફથી તેમનાં ધર્મ પત્ની સ્વ. ક્રિષ્ણાકુમારીજીની યાદમાં કૉલેજને રૂ. ૭૫,૦૦૦/- નું દાન રોકડ સ્વરૂપમાં મળેલ છે. આ રૂપિયા ૭૫,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે બી. એ. સેમ.-૬ ની પ્રથમ ત્રણ બહેનોને ૧૫ મી ઓગસ્ટના રોજ 'રૌપ્યચંદ્રક' આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- દિવ્યેશકુમાર ભીખાભાઈ પટેલના સ્મરણાર્થે શ્રી ભીખાભાઈ મણીલાલ ગણેશદાસ પટેલ તરફથી રૂ. ૨૦,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે કૉલેજની વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.
- શ્રી ગીરીશભાઈ નાથાલાલ પટેલ તરફથી રૂ. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે કૉલેજની વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.
- શ્રી હિંમતભાઈ શંકરલાલ પટેલ સાહેબ (બાપુ) તરફથી રૂ. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે કૉલેજની વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.

- શ્રી ગોરધનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તરફથી તેમના ધર્મપત્નીની યાદમાં રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે કૉલેજની વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.
- મહેરિયા ચંચળબેન ગંગારામ હસ્તે શ્રી રમેશભાઈ મહેરિયા તરફથી રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે કૉલેજની વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.
- શ્રી ભોગીલાલ રતનદાસ પટેલ તરફથી રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે કૉલેજની વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.
- શ્રી ઈશ્વરભાઈ પટેલ (મંત્રી, કેળવણી મંડળ) તરફથી સેમેસ્ટર-૬ માં કૉલેજ કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનારને રૂપિયા ૫૦૧/-, ૨૫૧/- અને ૧૫૧/- નું ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.

કૉલેજના રોજબરોજના કામકાજમાં અને વહીવટમાં મંડળના મહાનુભાવોના સાથસહકાર મળ્યો છે. આ મંડળ સંસ્થાના કામકાજમાં હંમેશા મદદરૂપ બન્યા છે. અને શ્રી ગોઝારિયા કેળવણી મંડળના પ્રમુખશ્રી કે. કે. પટેલ સાહેબ પોતાના કામકાજમાં વ્યસ્ત રહેવા છતાં કૉલેજના સમાચાર મેળવી પ્રોત્સાહન આપતા રહ્યા છે. મંડળના અધ્યક્ષશ્રી હિંમતભાઈ પટેલ સાહેબ (બાપુ) કૉલેજના વિકાસ માટે તથા કોઈપણ સમસ્યા માટે સાથ-સહકાર આપી કૉલેજ સારી રીતે ચાલે એવી પ્રેરણા આપતા રહ્યા છે. શ્રી જે.એન. પટેલ સાહેબની કામગીરી આ સંસ્થા માટે એક કરોડરજ્જુ સમાન છે. કોલેજમાં કોઈ માર્ગદર્શનની જરૂર હોય, કોઈ વ્યવસ્થા કરવી હોય કે કોઈ મુંઝવણ હોય શ્રી જે.એન. પટેલ સાહેબ અડીખમ પડખે ઊભા રહે. કોલેજના કામકાજમાં જે સરળતા રહે છે તેનો બધો યશ તેમના ફાળે જાય છે. મંડળના અન્ય હોદ્દેદારો, પ્રા. અશોકભાઈ જી. પટેલ ઉપરાંત શ્રી ઈશ્વરભાઈ પટેલ, શ્રી મણીલાલ પટેલ, શ્રી ભીખાભાઈ પટેલ, શ્રી શૈલેષભાઈ પટેલ (મંત્રી) તથા અન્ય મહાનુભાવો વગેરેનો સાથ સહકાર મળતો રહ્યો છે. સર્વેનો આભારી છું. વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરવા ઈનામી યોજના અને ભોજનદાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. આભાર...



ડૉ. ગાયત્રીબેન સી. બારોટ
ઈન્ચાર્જ આચાર્યશ્રી,
નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ, ગોઝારિયા